BRAMPTON Flower City
brampton.ca

media release

જૂન 15, 2018

# નેશનલ ઈન્ડિજનસ પીપ્લસ ડે (રાષ્ટ્રીય સ્વદેશી લોકોનો દિવસ) ઉજવણી
## ગુરુવાર, જૂન 21 · ગાર્ડન સ્ક્વૅર

બ્રામ્પટન, ઓન્ટેરિયોઃ ફર્સ્ટ નેશન્સ, ઈનુઈટ અને મેટિસનો વારસો, વૈવિધ્યસભર સંસ્કૃતિઓ અને શ્રેષ્ઠ ઉપલબ્ધિઓ ઉજવવી જ્યારે સીટી ઓફ બ્રામ્પટન આ ખાસ દિવસને ગાર્ડન સ્ક્વૅર, ડાઉનટાઉન બ્રામ્પટનમાં ઉજવવા પીલ એબોરીજીનલ નેટવર્ક સાથે ભાગીદારી કરશે.

બ્રામ્પટનની નેશનલ ઈન્ડિજનસ પીપ્લસ ડે ઉજવણીમાં પરફોરમન્સ, નૃત્ય, જુસ્સાદાર બોધ-પાઠ (સ્પિરિટેડ ટીચિંગ્સ), અને સંખ્યાબંધ શૈક્ષણિક ઘટકોની ઝાંખીનો સમાવેશ થશે. આ દિવસ પીલ રીજીયનમાં સ્વદેશી લોકોના સમૃદ્ધ ઈતિહાસની ઝાંખી કરાવશે અને આપણાં સમુદાયમાં એક સારી સમજ ઊભી કરશે. ઉદઘાટન સમારંભ, પુરુષો અને મહિલાઓના પરંપરાગત અને સમકાલીન નૃત્યો, જીવંત સંગીત, વાંચન, અને ઉજવણીઓનો ભાગ બનવાની તકોનો આનંદ લો.

**અવતરણ (ક્વૉટ):**

"સીટી ઓફ બ્રામ્પટનને આ દિવસ માટે પીલ એબોરીજીનલ નેટવર્ક સાથે ભાગીદારી કરવાનું ગૌરવ છે. હવે, આ ઉજવણીઓ આપણી સમજ સુદૃઢ બનાવવાની અને સ્વદેશી ઈતિહાસ, પરંપરાઓ અને ફાળો સમજવાની અને ઓળખવાની પહેલાં કરતા વધારે, મોટી તક બની રહે છે. અમે આ નેશનલ સેલિબ્રેશન ડે પર બ્રામ્પટનના ગાર્ડન સ્ક્વૅરમાં આ કથનો વહેંચવા અને તપાસવા રોમાંચિત છીએ."

- *મેયર લિન્ડા જૅફ્રી (Linda Jeffrey)*

**વિગતો:**

નેશનલ ઈન્ડિજનસ પીપ્લસ ડે એક મફત સામુદાયિક આયોજન, જૂન 21 નાં રોજ છે, જેમાં કાર્યક્રમો બપોરે 12:30 થી 1:30 અને સાંજે 6:30 થી રાત્રે 8:30 સુધી ચાલશે. નેશનલ ઈન્ડિજનસ પીપ્લસ ડે વિશે વધુ જાણવા અને ગાર્ડન સ્ક્વૅરના કાર્યક્રમોની પૂરી વિગતો મેળવવા વેબસાઈટ જુઓ, brampton.ca/gardensquare.

પીલ એબોરીજીનલ નેટવર્ક એક ઈન્ડિજનસ ફ્રેન્ડશિપ સેન્ટર (સ્વદેશી મિત્રતા કેન્દ્ર) છે જે રીજીયન ઓફ પીલમાં આદિજાતિ સમુદાયને ટેકો આપવા કટિબદ્ધ છે. તે ઓન્ટેરિયો ફેડરેશન ઓફ ઈન્ડિજનસ ફ્રેન્ડશિપ સેન્ટર્સનું એક સભ્ય છે.

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતું ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter અને Facebook પર ફોલો કરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

brampton.ca BRAMPTON Flower City

media release